# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 06-02-2025 Day: THURSDAY Morning: 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહીચ્છા**વાંચે છે.

---

## દિલ્લી – વિધાનસભા મતદાન :

દિલ્હી વિધાનસભાની 70 બેઠકો માટે ગઈકાલે આશરે 58 ટકા મતદાન થયું છે.ઇવીએમમાં જેમનું ભાવિ ઘડાયું છે તેવા અગ્રણી નેતાઓમાં આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ, મુખ્યમંત્રી અતિશી, મનિષ સિસોદિયા, ભારતીય જનતા પાર્ટીના પ્રવેશ વર્મા, વિજેન્દર ગુપ્તા, અરવિંદસિંહ લવલી અને રમેશ બિધુડી તથા કોંગ્રેસના નેતાઓ દેવેન્દ્ર યાદવ, સંદીપ દિક્ષીત અને અલકા લાંબાનો સમાવેશ થાય છે.

મોટાં ભાગનાં એક્ઝિટ પોલમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ચૂંટણી પંચે રાજધાનીમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે પૂરતી વ્યવસ્થા કરી હતી. શનિવારે મત ગણતરી હાથ ધરવામાં આવશે. દરમિયાન, તામિલનાડુની ઇરોડ-પૂર્વ વિધાનસભા બેઠક અને ઉત્તરપ્રદેશની મિલ્કીપુર બેઠકની પેટાચૂંટણી માટે પણ ગઈકાલે મતદાન યોજાયું હતું.

---

## PM – પ્રયાગરાજ :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે પ્રયાગરાજના મહાકુંભ ખાતે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, સંગમ ખાતે સ્નાન એ દૈવી જોડાણની ક્ષણ છે. તેમણે કહ્યું કે, તેમાં ભાગ લેનારા કરોડો લોકોની જેમ, તેઓ પણ ભક્તિ ભાવનાથી સભર હતા.

આજે પ્રયાગરાજ મહાકુંભમાં આદિવાસી સાંસ્કૃતિક સંમેલન-૨૦૨૫નું આયોજન કરવામાં આવશે. દેશભરમાંથી 15 હજારથી વધુ આદિવાસી તેમાં ભાગ લેશે. છ દિવસના આ ઉત્સવ દરમિયાન, બધા સહભાગીઓ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓનું જતન કરવાની પ્રતિજ્ઞા લેશે. બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટે ૨૦૨૫નું વર્ષ આદિવાસી ગૌરવ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

---

## અમેરિકા પરત ભારતીય :

અમેરિકામાંથી પરત કરાયેલા ૧૦૪ ભારતીયોને લઈ અમેરિકન એરફોર્સનું C-17 વિમાન ગઈકાલે બપોરે પંજાબના અમૃતસર પહોંચ્યુ હતું..

સૂત્રોના જણાવ્યા અનુસાર,30 લોકો પંજાબના ,33 ગુજરાતના અને અન્ય ચંદીગઢ, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશના છે. અમૃતસર વહીવટીતંત્રે એરપોર્ટ અધિકારીઓ સાથે સંકલનમાં તમામ વ્યવસ્થા કરી છે. આ તમામ લોકોની ચકાસણી અને પૃષ્ઠભૂમિ પ્રક્રિયા ચાલી રહી છે. અમેરિકામાં નવા શાસન પછી દેશનિકાલની આ પ્રથમ ઘટના છે.પરત ફરેલ ગુજરાતીઓને આજે અમૃતસર હવાઈમથકથી અમદાવાદ લવાશે. જેને લઈને અમદાવાદ પોલીસને એલર્ટ કરવામાં આવી છે. આ ગુજરાતીઓમાં અમદાવાદ,મહેસાણા, ગાંધીનગર, સુરત, વડોદરા, પાટણ સહિતના નાગરિકોનો સમાવેશ થાય છે.

---

## ઈસમાઈલી નેતા અવસાન :

ઇસ્માઇલી મુસ્લિમોના આધ્યાત્મિક નેતા આગા ખાન ચતુર્થ નું પોર્ટુગલમાં 88 વર્ષની વયે અવસાન થયું છે. તેઓ 20 વર્ષની વયે ઇમામ બન્યા. તેમણે આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કનું નેતૃત્વ કર્યું, 30 દેશોમાં આરોગ્ય, શિક્ષણ અને આજીવિકામાં સુધારો કર્યો.

તેઓ મુસ્લિમ સમાજ અને પશ્ચિમ વચ્ચે પુલ બનાવવા માટે જાણીતા છે. પ્રિન્સ કરીમ આગા ખાન ઇસ્માઇલી મુસ્લિમોના 49મા વારસાગત ઇમામ હતા. તેમણે 1957 માં 20 વર્ષની વયે ઇસ્માઇલી મુસ્લિમોના ઇમામ તરીકે તેમના દાદાના સ્થાને આવ્યા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગા ખાન IV ના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, પ્રિન્સ કરીમ આગા ખાન એક સ્વપ્નદ્રષ્ટા હતા, જેમણે પોતાનું જીવન સેવા અને આધ્યાત્મિકતા માટે સમર્પિત કર્યું.

પ્રિન્સ રહીમ અલ-હુસેનીને તેમના પિતાના અવસાન બાદ પોર્ટુગલમાં ઇસ્માઇલી મુસ્લિમોના આધ્યાત્મિક નેતા આગા ખાન તરીકે નામ આપવામાં આવ્યું છે. ૫૩ વર્ષીય પ્રિન્સ રહીમ વિશ્વના ઇસ્માઇલી મુસ્લિમોના ૫૦મા વારસાગત ઇમામ બન્યા છે. તેમના પિતા અને આધ્યાત્મિક નેતા, કરીમ આગા ખાન ચતુર્થએ તેમના વસિયતનામામાં રાજકુમાર રહીમનું નામ આગા ખાન પાંચમા રાખ્યું હતું.

---

## મંત્રીમંડળ બેઠક:

ગાંધીનગરમાં ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા-UCC અંગે સમિતિની રચના અંગે અંગે મંત્રીમંડળને માહિતગાર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વિધાનસભાના અંદાજપત્ર સત્રની તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રભારી મંત્રીઓને સોંપાયેલી જવાબદારી અને સ્થાનિક સ્થિતિ પર રાજકીય ચર્ચા થઈ હતી.

---